ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# નવસારી-વલસાડ-વાપી

હવામાન

| | મહત્તમ | લઘુતમ |
|---|---|---|
| નવસારી | ૩૧.૦° સે. | ૨૭.૦° સે. |
| આહવા | ૨૯.૦° સે. | ૨૪.૦° સે. |
| વલસાડ | ૩૧.૦° સે. | ૨૭.૦° સે. |
| વાપી | ૩૧.૦° સે. | ૨૭.૦° સે. |



# પૂરથી નવસારીના 300થી વધુ હીરા યુનિટને નુકસાન

**દિવાળીના** તહેવાર પહેલા ઉત્પાદનને પૂર્વવત કરી સામાન્ય સ્થિતિમાં લાવવું પડકારરૂપ



નવસારીઃ નવસારીમાં પૂર્ણા નદીમાં ત્રણ વખત આવેલા વિનાશક ઘોડાપૂરે અહીંના હીરા ઉદ્યોગને ઘસડાઈને ભારે આર્થિક નુકસાન પહોંચાડ્યું છે. શહેરના શાંતાદેવી રોડ, રૂસ્તમવાડી, મિથિલાનગરી, રૂબી કોમ્પ્લેક્સ અને જલાલપોર સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં આવેલા 300થી વધુ હીરા યુનિટોમાં પૂરના પાણી ફરી વળ્યા હતા. આ જળપ્રલયને કારણે લાખો રૂપિયાની કિંમતની મોંઘી મશીનરી, ઈલેક્ટ્રિક સાધનો અને કાચો માલ પાણીમાં ગરકાવ થઈ જતા મોટા પાયે નુકસાન સર્જાયું છે.

સ્થાનિક વેપારીઓના જણાવ્યા અનુસાર, પૂરના પાણી ઓસર્યા બાદ એક યુનિટ દીઠ અંદાજે ૨૫ હજારથી લઈને ૫ લાખ રૂપિયા સુધીનું નુકસાન થયું છે. આપત્તિ આવ્યાને દસ દિવસથી વધુ સમય વીતી ગયો હોવા છતાં, હજુ અનેક યુનિટો પોતાની સંપૂર્ણ ક્ષમતા સાથે બેઠા થઈ શક્યા નથી.

વેપારીઓનું કહેવું છે કે વૈશ્વિક મંદીના સમયગાળા બાદ ઉદ્યોગ માંડ માંડ પાટે ચડી રહ્યો હતો અને ધીમે ધીમે વેપાર વેગ પકડી રહ્યો હતો, તે જ સમયે આવેલા આ કુદરતી આપાતે તમામ ગણતરીઓ ઉંધી વાળી દીધી છે. પૂરના કારણે સર્જાયેલી આ પરિસ્થિતિને જોતા આગામી દિવાળીના તહેવાર પહેલા ઉત્પાદનને પૂર્વવત કરી સામાન્ય સ્થિતિમાં લાવવું વેપારીઓ માટે અત્યંત પડકારરૂપ બની ગયું છે.

આ ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને, નવસારી ડાયમંડ મર્ચન્ટ એસોસિએશન સાથે સંકળાયેલા વેપારીઓએ રાજ્ય સરકાર સમક્ષ ઉગ્ર રજૂઆત કરી છે. તેમણે ત્વરિત ધોરણે પૂરગ્રસ્ત વિસ્તારોમાં થયેલા નુકસાનનું સર્વેક્ષણ કરાવી, અસરગ્રસ્ત તમામ નાના-મોટા હીરા યુનિટોને યોગ્ય આર્થિક સહાય અને વિશેષ રાહત પેકેજ વહેલી તકે જાહેર કરવાની માંગ કરી છે.

# કાવેરી ટાઈડલ ડેમ સામે વાઘરેચના રહીશોમાં રોષ

**પૂરનું** જોખમ વધ્યાનો આક્ષેપ કરી કલેક્ટર સમક્ષ સમસ્યાનો ઉકેલ લાવવા માંગ

નવસારીઃ બીલીમોરા નજીક કાવેરી નદી પર બનાવાયેલા ટાઈડલ ડેમને કારણે વાઘરેચ અને આસપાસના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા ગંભીર બની હોવાનું જણાવી સ્થાનિક રહેવાસીઓએ જિલ્લા પંચાયતના અપક્ષ સભ્ય સેજલ પટેલની આગેવાનીમાં જિલ્લા કલેક્ટરને રજૂઆત કરી છે. અસરગ્રસ્તોએ ડેમની કામગીરી અને તેના કારણે પાણીના નિકાલ પર પડતી અસરની ઉચ્ચસ્તરીય તપાસ કરવાની માંગ કરી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે જમનાનગર સોસાયટી, શિવશક્તિ સોસાયટી, વાઘરેચ નાઈકીવાડ, ચાંદની ચોક સોસાયટી, મેમણ કોલોની, રામજી મંદિર વિસ્તાર અને શાંતિનગર ટાઉનશીપ સહિતના વિસ્તારો દર ચોમાસે જળબંબાકારનો સામનો કરી રહ્યા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, સામાન્ય વરસાદ પડતાં જ પાણીનો પ્રવાહ અટકી જવાના કારણે અનેક વિસ્તારોમાં સાતથી આઠ ફૂટ સુધી પાણી ભરાઈ જાય છે અને લોકોના ઘરોમાં પાણી ઘૂસી જતાં ભારે આર્થિક નુકસાન થાય છે. અસરગ્રસ્તોનો દાવો છે કે વર્ષો સુધી આ વિસ્તારમાં આવી સ્થિતિ ક્યારેય સર્જાઈ નહોતી. પરંતુ ટાઈડલ ડેમ બન્યા બાદ અને તેના પાળાની ઊંચાઈમાં વધારો થયા પછી વરસાદી પાણીના કુદરતી વહેણમાં અવરોધ ઊભો થયો હોવાનું તેઓ માને છે. તેના પરિણામે દર વર્ષે પૂર જેવી સ્થિતિ સર્જાઈ રહી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

સ્થાનિકોએ કલેક્ટરને માંગ કરી છે કે સમગ્ર મામલે તાત્કાલિક સ્થળ નિરીક્ષણ કરાવી નિષ્ણાતોની ટેકનિકલ ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવે. જો ડેમના કારણે પાણીનો નિકાલ અવરોધાતો હોવાનું સામે આવે તો જરૂરી તકનીકી સુધારા કરીને સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે.

# વિરાવળ ટાઈડલ ડેમમાં ધોવાણ બાદ સમારકામ કામગીરી શરૂ

**નુકસાનની** જવાબદારી કન્સ્ટ્રક્શન કંપનીની રહેશે



નવસારીઃ નવસારી જિલ્લાના વિરાવળ ગામ પાસે પૂર્ણા નદી પર નિર્માણાધીન ટાઈડલ ડેમમાં ભારે વરસાદ અને ઉપરવાસમાંથી આવેલા પાણીના પ્રવાહને કારણે થયેલા ધોવાણ બાદ તંત્ર દ્વારા તાત્કાલિક સમારકામની કામગીરી શરૂ કરવામાં આવી છે. ઘટનાને લઈને ડ્રેનેજ વિભાગે પરિસ્થિતિ અંગે સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે ડેમના આશરે 30 મીટરના માટીના પાળા પરથી પાણી ઓવરટોપ થતાં, જ્યાં પથ્થરનું પિચિંગ ન હતું ત્યાં રેતીનું ધોવાણ થયું હતું.

ડ્રેનેજ વિભાગના એક્ઝિક્યુટિવ એન્જિનિયર એ. એલ. ઘેલાણીએ જણાવ્યું કે હાલમાં ઘટનાસ્થળે મોટા વાહનો સરળતાથી પહોંચી શકે તે માટે એપ્રોચ રોડ બનાવવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી પૂર્ણ થયા બાદ મોટા પથ્થરોનું ડમ્પિંગ કરીને ધોવાણગ્રસ્ત ભાગને મજબૂત બનાવવામાં આવશે તેમજ પાણીના પ્રવાહને નિયંત્રિત કરવા જરૂરી કામગીરી હાથ ધરાશે.

વિભાગે વધુમાં જણાવ્યું છે કે ટાઈડલ ડેમના બાંધકામની ડિફેક્ટ લાયબિલિટી પિરિયડ (DLP) હજુ પૂર્ણ થઈ નથી. તેથી ડેમને થયેલા નુકસાનના સમારકામ અને જરૂરી સુધારાકામની જવાબદારી સંબંધિત કન્સ્ટ્રક્શન કંપનીની રહેશે.

ઘટના બાદ સ્થાનિકોમાં ચિંતા જોવા મળી રહી છે. જોકે વિભાગના જણાવ્યા મુજબ હાલ પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને તકનીકી રીતે જરૂરી તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે. સમારકામ પૂર્ણ થયા બાદ ડેમની સ્થિતિનું ફરી મૂલ્યાંકન કરવામાં આવશે, જેથી ભવિષ્યમાં આવી પરિસ્થિતિ સર્જાવાની શક્યતા ઘટાડી શકાય.

# સરબતિયા તળાવ પ્રોજેક્ટ સામેનો દીવાની દાવો નામંજૂર

**કોર્ટે** નોંધ્યુંઃ રજૂ થયેલા મુદ્દા સિવિલ કોર્ટના અધિકાર ક્ષેત્રમાં આવતા નથી, બ્યુટિફિકેશન પ્રોજેક્ટ મુદ્દે નવસારી મનપાને રાહત

નવસારીઃ નવસારી શહેરના સરબતિયા તળાવ બ્યુટીફિકેશન અને ડેવલપમેન્ટ પ્રોજેક્ટને લઈને દાખલ કરાયેલા દીવાની દાવામાં નવસારી મહાનગરપાલિકાને રાહત મળી છે. પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ પ્રભાકર કૃષ્ણકાંત રાયે જાગૃત નાગરિક કેરસી દેબુ દ્વારા દાખલ કરાયેલ દાવાને સિવિલ પ્રોસિજર કોડના ઓર્ડર-7 રૂલ-11(એ) હેઠળ નામંજૂર કર્યો છે.

અગાઉ આ પ્રકરણમાં આપવામાં આવેલ સ્ટેટસ ક્વોનો હુકમ જિલ્લા અદાલત દ્વારા રદ કરવામાં આવ્યો હતો. હવે મૂળ દીવાની દાવો પણ નામંજૂર થતાં પ્રોજેક્ટ સંબંધિત કાનૂની પ્રક્રિયામાં મહાનગરપાલિકાને વધુ એક રાહત મળી છે.કોર્ટના અવલોકન મુજબ, રજૂ થયેલા દાવામાં જરૂરી કાનૂની આધાર અને કોઝ ઓફ એક્શન પૂરતા પ્રમાણમાં દર્શાવવામાં આવ્યા નથી. સાથે જ, રજૂ થયેલા મુદ્દાઓ જાહેર હિતની અરજી (PIL)ના સ્વરૂપના હોવાથી તેની સુનાવણીનો અધિકાર સિવિલ કોર્ટને નહીં પરંતુ યોગ્ય ઉચ્ચ અદાલતને છે.

ચુકાદામાં સુપ્રીમ કોર્ટના વિવિધ નિર્ણયોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમાં કાનૂની રીતે ટકી ન શકતા દાવાઓને પ્રારંભિક તબક્કે જ નિકાલ કરવાની સિદ્ધાંતની ચર્ચા કરવામાં આવી છે. આ ચુકાદા બાદ સરબતિયા તળાવ ખાતે ચાલી રહેલા બ્યુટીફિકેશન અને વિકાસકાર્યોને આગળ વધવામાં કાનૂની અવરોધ દૂર થયો છે. જોકે, આ નિર્ણય સામે કાયદાકીય જોગવાઈ મુજબ ઉચ્ચ અદાલતમાં અપીલ કરવાનો વિકલ્પ ખુલ્લો રહે છે.

# ગુજરાત હાઇકોર્ટના નવા ફોન્ટ પરિપત્ર સામે વાંસદા બાર એસો.નો વિરોધ

વાંસદાઃ ગુજરાત હાઈકોર્ટ દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલા પરિપત્રમાં ટાઈપિંગ માટે ત્રણ અલગ-અલગ ફોન્ટનો ઉપયોગ ફરજિયાત કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ નિર્ણયને લઈને આદિવાસી વિસ્તારોમાં જરૂરી ટેકનિકલ સુવિધાઓના અભાવ અને વકીલોને પડનારી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી ગુરુવારે વાંસદા બાર એસોસિએશનની બેઠક યોજાઈ હતી. બેઠકમાં ઠરાવ કરવામાં આવ્યો હતો કે ગુજરાત હાઈકોર્ટ એક અઠવાડિયામાં આ પરિપત્ર અંગે યોગ્ય અને જરૂરી નિર્ણય નહીં લે તો વાંસદા બાર એસોસિએશન આગામી દિવસોમાં વિરોધના કાર્યક્રમો જાહેર કરશે. જરૂર પડે તો ગાંધીજીના અહિંસક માર્ગે રહી શાંતિપૂર્ણ અને કાયદેસર રીતે અદાલતી કામગીરીથી અચોક્કસ મુદત સુધી અળગા રહેવા સહિતના કાર્યક્રમો અંગે પણ સર્વાનુમતે નિર્ણય લેવામાં આવશે.

## તૂટેલા કોઝવેની પાળ પરથી જીવના જોખમે પસાર થઈ અંતિમયાત્રા




- વાંસદાના ચોંઢા ગામે ભારે વરસાદમાં કોઝવે ધોવાઈ જતાં ગ્રામજનો ઉબળ ખાબડ રસ્તે અને તૂટેલા કોઝવેના પાળ ઉપરથી જીવના જોખમે નનામી લઈ જવા મજબૂર બન્યા હતા. વાંસદા તાલુકામાં તાજેતરમાં પડેલા અતિભારે વરસાદના કારણે ચોંઢા ગામે પણ નદીમાં આવેલા પૂરના કારણે ગામમાં આવેલો કોઝવે ધોવાઈ જતાં તેનો પાળ તૂટી ગયો હતો. આ દરમિયાન ગામના મહાલ ફળિયામાં રહેતા એક વ્યક્તિનું અવસાન થતાં તેમની અંતિમયાત્રા (નનામી) ખેતરોના ઉબડ-ખાબડ રસ્તા અને તૂટી ગયેલા કોઝવેના પાળ પરથી પસાર થઈ ગ્રામજનોએ જીવના જોખમે લઈ જવાની ફરજ પડી હતી. ગામના સરપંચ વેલજીભાઈએ જણાવ્યું હતું કે તૂટેલા કોઝવે પાસે હાલ કામ ચાલી રહ્યું છે અને લોકો સલામત રીતે અવરજવર કરી શકે તે માટે તંત્ર દ્વારા જરૂરી કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ‘બેટી બચાવો બેટી પઢાઓ’ અંતર્ગત ડાંગમાં યોજાયો ‘કોફી વિથ કલેક્ટર’ કાર્યક્રમ




સાપુતારાઃ મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા ‘બેટી બચાવો બેટી પઢાઓ’ અને ‘નારી વંદન ઉત્સવ’ અંતર્ગત ડાંગ જિલ્લા કલેક્ટર એન.ડી. પરમારના અધ્યક્ષસ્થાને ‘કોફી વિથ કલેક્ટર’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી કુલદીપસિંગ ઝાલા તેમજ જિલ્લા પોલીસ વડા પૂજા યાદવ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીનીઓને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત દીકરીઓને પ્રોત્સાહિત કરતાં જિલ્લા કલેક્ટર એન.ડી. પરમારે જણાવ્યું હતું કે, વર્તમાન પેઢીની દીકરીઓ પાસે પોતાના સ્વપ્નો અને લક્ષ્યાંકો પૂર્ણ કરવા માટે અનુકૂળ વાતાવરણ અને નવી દિશાઓ ઉપલબ્ધ છે, જે વર્ષો પહેલાંની મહિલાઓ માટે એક મોટો પડકાર હતો. કલેક્ટરે દીકરીઓને પોતાનું નિર્ધારિત લક્ષ્ય પ્રાપ્ત કરવા સખત મહેનત કરવા જણાવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર દીકરીઓને એજ્યુકેશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ ‘વ્હાલી દીકરી યોજના’ના મંજૂરી હુકમો પણ એનાયત કરાયા હતા.

### ચીખલી કોલેજની વિદ્યાર્થિની ટેબલ ટેનિસમાં નેશનલ કક્ષાએ VNSGU સુરતની ટીમનું પ્રતિનિધિત્વ કરશે




ઘેજઃ ઓલ ઇન્ડિયા વેસ્ટ ઝોન ઇન્ટર યુનિ. ટેબલ ટેનિસ (બહેનો)ની સ્પર્ધામાં શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટી ગોધરા ખાતે ભાગ લેવા જનારી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. સુરતની ટેબલ ટેનિસ (બહેનો)ની ટીમ માટે સિલેક્શન સ્પર્ધા સુરતની નવયુગ આર્ટસ કોલેજ ખાતે યોજાઇ હતી. જેમાં ચીખલીની શ્રી એમ.આર.દેસાઇ આર્ટસ એન્ડ ઇ.ઇ.એલ.કે. કોમર્સ કોલેજ ચીખલીની ટી.વાય.બી.એ.ની સિદ્ધિ બલસારાએ લીગ રાઉન્ડમાં બાકીની તમામ ૬ પ્લેયરોને હરાવી પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ટીમમાં સતત ત્રીજા વર્ષે પસંદગી પામી છે. જેઓને તાલીમ કોચ ધર્મેશ બલસારા અને કોલેજના આસિ. પ્રોફેસર ડો.જયમલ એસ.નાયક દ્વારા આપવામાં આવી હતી.આ સિદ્ધિ અને સાફલ્ય બદલ સંસ્થાના ચેરમેન અને મેનેજીંગ ટ્રસ્ટી દર્શનભાઇ એ.દેસાઇ, સેક્રેટરી સોનલબેન દેસાઇ, આચાર્યા ડો.ફાલ્ગુનીબેન દેસાઇ, ઉપાચાર્ય ડો.મુકેશભાઇ પટેલ તથા સમગ્ર કોલજ સ્ટાફ પરિવારે સિદ્ધિ બલસારાને શુભેચ્છા પાઠવી હતી.

### આહવા ખાતે વિરોધમાં વિશાળ મહારેલી નીકળી




સાપુતારાઃ વિશ્વ હિન્દુ પરિષદ, ડાંગ સનાતન સંત સમાજ, ભગત સમાજ તથા સમસ્ત હિન્દુ સમાજના સંયુક્ત ઉપક્રમે ગુરુવારે ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે વિશાળ મહારેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. મહારેલી બાદ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી જવાબદારો સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં ડાંગ સનાતન સંત સમાજના વરિષ્ઠ સંતો અને મહંતોએ જિલ્લા કલેક્ટર મારફતે રાષ્ટ્રપતિ તથા કેન્દ્ર સરકાર સમક્ષ આવેદનપત્ર મોકલવામાં આવ્યું હોવાનું જણાવતાં તેમણે સમગ્ર મામલે નિષ્પક્ષ અને કડક કાર્યવાહી કરવાની માંગણી કરી હતી.સંત સમાજે ચેતવણી આપી હતી કે જો યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો આગામી સમયમાં દેશવ્યાપી આંદોલન, લોકજાગૃતિ અભિયાન અને કાનૂની લડતને વધુ તેજ બનાવવામાં આવશે.

### અનંત પટેલના જન્મદિવસ નિમિત્તે સર્વરોગ નિદાન-રક્તદાન કેમ્પ યોજાયો




વાંસદાઃ વાંસદા ચીખલીના ધારાસભ્ય અનંત પટેલના જન્મદિવસ નિમિત્તે સેવાકીય કાર્ય એટલે સર્વરોગ નિદાન કેમ્પ અને રક્તદાન શિબિર ખાંભલા પી.એચ.સી. ખાતે યોજાયો હતો. બોર્ડર વિલેજના ગામોની સાથે આદિવાસી સમાજના યુવાનોના પગલે 123 જેટલા યુવાનોએ સ્વૈચ્છિક રક્તદાન કર્યું હતું. જેમાં શ્રુષુતા બ્લડ બેંકે સહયોગ કર્યો હતો. આજ શિબિરમાં સર્વરોગ નિદાન કેમ્પનો શ્રીમદ્ રાજચંદ્ર ધરમપુરના સહયોગથી આ વિસ્તારના લોકોએ સામાન્ય તપાસમાં 439 અને ચશ્મા તપાસમાં 330 લોકોએ લાભ લીધો હતો. આ સેવાકીય પ્રવૃતિમાં જિલ્લા કોંગ્રેસના વડા શૈલેષ પટેલ, તા. પં. સદસ્ય યુથ પ્રમુખ ધર્મેશ, યુવક કોગ્રેસ પ્રમુખ ગૌરાંગ પટેલ, બારુકભાઈ, શશિનભાઈ, જગદીશભાઈ, મનીષ પટેલ તેમજ તાલુકા પંચાયત સદસ્ય અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સંસદમાં ભગવા વસ્ત્રો, ભગવાનના ચિત્રના વિવાદમાં ઘેરા પ્રત્યાઘાત

**વલસાડમાં** સનાતન સંત સમાજ અને VHP દ્વારા જવાબદારો સામે પગલાંની માંગ



વલસાડઃ સંસદ પરિસરમાં વિપક્ષી નેતાઓ દ્વારા ભગવા વસ્ત્રો ધારણ કરી સંતોનો સ્વાંગ રચવા અને ભગવાનના ચિત્રનું અનાદર કરવાના વિવાદમાં દક્ષિણ ગુજરાતમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. વિશ્વ હિન્દુ પરિષદ (VHP) અને સનાતન સંત સમાજ દ્વારા વલસાડમાં એક મહત્ત્વપૂર્ણ પત્રકાર પરિષદનું આયોજન કરી રોષ ઠાલવ્યો હતો

આ સમગ્ર મામલે જાણકારી આપતા વિશ્વ હિન્દુ પરિષદ વલસાડ જિલ્લા મંત્રી રાકેશભાઈ રાણાએ જણાવ્યું હતું કે, ગત ૩૧ જુલાઈ ૨૦૨૬ના રોજ સંસદ પરિસરમાં સાંસદ પપ્પુ યાદવ, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, સાંસદ રાહુલ ગાંધી, અયોધ્યાના સાંસદ અવધેશ પ્રસાદ તેમજ સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ અને તેમના સમર્થકોએ ભગવા વસ્ત્રો ધારણ કરીને સંતોનો વેશ રચ્યો હતો. આ ઉપરાંત ભગવાનના ચિત્રનું અનાદર કરીને સનાતન ધર્મીઓની ધાર્મિક ભાવનાઓને ઊંડી ઠેસ પહોંચાડી છે. આ નિંદનીય ઘટનાના વિરોધમાં સનાતન સંત સમાજ અને VHP વલસાડ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આવેદનપત્રમાં માંગ કરવામાં આવી છે કે, ધાર્મિક ભાવનાઓ દુભાવવા બદલ સંબંધિત તમામ સાંસદો સામે કઠોર કાનૂની કાર્યવાહી કરવામાં આવે. સનાતન પરંપરાનું અપમાન કરનારા આ તમામ સાંસદોનું સભ્યપદ તાત્કાલિક રદ કરવામાં આવે. એવી માંગણી કરી હતી અને આવનાર દિવસોમાં જુઓ એમની માંગણી ન સંતોષાય તો આંદોલન કરવાની પણ ચીમકી આપવામાં આવી છે.

# 8મીએ મુખ્યમંત્રી સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ ખુલ્લો મૂકશે

**8થી** 29 ઓગસ્ટ ચાલનારા ફેસ્ટિવલમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન

સાપુતારાઃ ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા રાજ્યના એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારા ખાતે તા. ૮થી ૨૯ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન ‘સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ-૨૦૨૬’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ ફેસ્ટિવલનું ઉદ્ઘાટન તા.૮ ઓગસ્ટે સવારે ૧૦:૦૦ વાગ્યે પી.એચ.સી. પાર્કિંગ ગ્રાઉન્ડ, સાપુતારા સર્કલ નજીક ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે થશે. ઉદ્ઘાટન સમારોહમાં ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે, જ્યારે ગુજરાત સરકારના રાજ્ય પ્રવાસન મંત્રી વ ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી ડૉ. જયરામભાઈ ગામીતની પણ ગરિમામય ઉપસ્થિતિ રહેશે. આ ઉપરાંત ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેશભાઈ ગામીત, સાંસદ ધવલભાઈ પટેલ, ધારાસભ્ય વિજયભાઈ પટેલ સહિત સ્થાનિક લોકપ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહેશે. ડાંગ કલેકટર એન.ડી. પરમારે કાર્યક્રમ આયોજનને લઈને ચાલી રહેલી તૈયારીઓની જાણકારી સાથે, સૌ પ્રકૃતિપ્રેમી પર્યટકોને ડાંગ જિલ્લાના મોન્સુન ફેસ્ટિવલને માણવા અને જાણવા અત્રે પધારવા આમંત્રણ આપ્યું છે. સાથે પ્રવાસન કમિશનર અને મેનેજિંગ ડિરેક્ટર ડો.વિપિન ગર્ગ, તથા પ્રવાસન/દેવસ્થાન વ્યવસ્થાપન સચિવ ડો. કુલદીપ આર્ય એ પણ સૌને ચોમાસામાં ખીલી ઊઠતા ડાંગના પ્રાકૃતિક સૌંદર્યને માણવા નિમંત્રણ પાઠવ્યું છે.

# લોનના બહાને લીધેલા નાણાંના ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સજા

નવસારીઃ ફરિયાદી દિપકકુમાર કિશોરભાઈ વાધ પાસેથી ઘરનું રિનોવેશન માટે લોન મંજૂર કરાવી આપવાના બહાને સાહિસ્તા ઈમરાન મેમણએ કુલ રૂ.6.85 લાખ લીધા હતા. જોકે લોનની પ્રક્રિયા પૂર્ણ ન થતાં આરોપીએ રૂ. 1.85 લાખ પરત કર્યા હતા અને બાકીની રૂ.5 લાખની ચૂકવણી માટે ચેક આપ્યો હતો. બેંકમાં ચેક રજૂ કરતાં રિટર્ન થયો હતો. નોટિસ બાદ પણ રકમની ચૂકવણી ન થતાં એડવોકેટ ગૌરવ જે. ઢીંમર મારફતે નવસારીની અદાલતમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી કેસમાં ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે આરોપીને દોષિત ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા ઉપરાંત ફરિયાદીને રૂ.5 લાખ વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે. વળતરની રકમ સમયસર ચૂકવવામાં નહીં આવે તો વધારાની ત્રણ માસની સાદી કેદ ભોગવવી પડશે.

# શ્વેતક્રાંતિના પ્રેરણામૂર્તિ સ્વ. નરેન્દ્રભાઈ વશીને અશ્રુભીની ભાવાંજલિ અપાઈ



ઘેજઃ વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (વસુધારા ડેરી) સહકારી ડેરી ક્ષેત્રના ભીષ્મપિતામહ, શ્વેતક્રાંતિના પ્રેરણામૂર્તિ અને લાખો પશુપાલકોના હિતચિંતક સ્વ. નરેન્દ્રભાઈ બી. વશીની સ્મૃતિમાં બુધવારે ચીખલીના દિનકર ભવન ખાતે એક ભાવનાત્મક શ્રદ્ધાંજલિ સભા યોજાઈ હતી. આ શોકમય સભામાં વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાના પશુપાલકો, સહકારી આગેવાનો તેમજ રાજકીય અને સામાજિક અગ્રણીઓએ ઉપસ્થિત રહી અશ્રુભીની ભાવાંજલિ અર્પણ કરી હતી.

ઉપસ્થિત વક્તાઓએ જણાવ્યું હતું કે સ્વ. નરેન્દ્રભાઈએ પાંચ દાયકાના કાર્યકાળમાં દક્ષિણ ગુજરાતના સહકારી દૂધ આંદોલનને મજબૂત ઓળખ આપી હતી. તેમના પારદર્શક વહીવટ અને દૃઢ મનોબળથી વસુધારા ડેરી આજે અગ્રણી સંસ્થા બની છે. તેમણે હજારો આદિવાસી અને સીમાંત ખેડૂતોના જીવનમાં પશુપાલન દ્વારા આર્થિક સમૃદ્ધિ લાવી હતી. સહકાર ક્ષેત્રે તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ તેમને સર્વોચ્ચ ‘ડૉ. વર્ગીસ કુરિયન એવોર્ડ’ અને ‘ભારતીય ઉદ્યોગ રત્ન’ જેવા પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે વસુધારા ડેરીના ચેરમેન રાજેશ ઉર્ફે રાજાભાઈ પટેલ, વાઈસ ચેરમેન, કારોબારી મંડળના સભ્યો, ઇન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર વિજયભાઈ કાપડીયા, વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, ક્વોરી એસોસિએશનના સલીમ પટેલ, માજી સાંસદ કાનજીભાઈ પટેલ, ખેડૂત સમાજ પ્રમુખ જયેશ પટેલ (દેલાડ), માજી ધારાસભ્ય પિયુષ દેસાઈ, પૂર્વ ચેરમેન ગમનભાઈ પટેલ, સુધાબેન પટેલ, કલાવતી પટેલ, મહારાષ્ટ્રના માજી ધારાસભ્ય ખડસે, નિર્મળાબેન તથા નટુભાઈ નાયક સહિત અનેક મહાનુભાવોએ નરેન્દ્રભાઈ સાથે જોડાયેલી યાદો તાજી કરી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

સ્વ. નરેન્દ્રભાઈની પુત્રી ઉર્મિ વશી અને ધર્મપત્ની રેખાબેન વશીએ પરિવારના સંસ્મરણો વાગોળતા સમગ્ર સભા ભાવવિભોર બની ગઈ હતી.

# સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલમાં કરોડોનું આંધણ, પાર્કિંગ માથાનો દુખાવો

**ટેન્ડર** પ્રક્રિયાની પારદર્શિતા સામે ગંભીર સવાલો, પ્રવાસીઓ સુવિધાથી વંચિત




સાપુતારાઃ સાપુતારા ખાતે મોન્સૂન ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. પરંતુ, આ ફેસ્ટિવલનો પ્રારંભ થાય તે પહેલાં જ પ્રવાસન વિભાગ ઘેરા વિવાદોમાં સપડાયું છે. નક્કર આયોજન વિના પ્રજાના કરોડો રૂપિયાનું આંધણ કરવાની વિભાગની નીતિ સામે પ્રવાસીઓમાં ભારે રોષ વ્યાપી ગયો છે.

સાપુતારામાં હજારો પ્રવાસીઓ ઉમટી પડે છે, પરંતુ અહીં પાર્કિંગ અને ટ્રાફિક નિયમનની કોઈ નક્કર વ્યવસ્થા નથી. ચોંકાવનારી બાબત એ છે કે જે સ્થળનો ઉપયોગ વાહન પાર્કિંગ માટે થતો હતો, તે જ જગ્યા પર ફેસ્ટિવલના ડોમ અને આયોજનો ખડકી દઈને સંચાલકોએ પાર્કિંગની ઉપલબ્ધ જગ્યામાં વધુ ઘટાડો કરી નાંખ્યો છે. પાયાની સુવિધા ઊભી કરવાને બદલે નવી સમસ્યાઓ સર્જતા આયોજકોના કારણે પ્રવાસીઓને રસ્તાઓ પર જ વાહનો પાર્ક કરવાની ફરજ પડે છે, જેનાથી કલાકો સુધી ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. આ મહોત્સવ માત્ર ‘ખિસ્સા ભરવાનો ઉત્સવ’ બની ગયો હોવાના આક્ષેપો સાથે સ્થાનિકોએ ટેન્ડર પ્રક્રિયા અને ખર્ચની પારદર્શિતા સામે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા છે. પ્રવાસન વિભાગના અમુક અધિકારીઓની મિલીભગતથી આ વર્ષે મોન્સૂન ફેસ્ટિવલનું કામ ‘લલ્લુજી એન્ડ સન્સ’ કંપનીને સોંપવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. નોંધનીય છે કે આ એજન્સી ભૂતકાળમાં પણ અનેક વિવાદોમાં ઘેરાયેલી રહી છે. અગાઉના વર્ષોમાં કાર્યક્રમોના નામે માત્ર ‘વેઠ ઉતારી’ને સરકારી તિજોરીને ચૂનો ચોપડ્યો હોવાના ગંભીર આક્ષેપો આ કંપની પર લાગેલા છે. તેમ છતાં તેને ફરી કોન્ટ્રાક્ટ અપાતા વિભાગની દાનત સામે સવાલો ઊભા થયા છે. સ્થાનિકોમાં વિવાદાસ્પદ ‘લલ્લુજી એન્ડ સન્સ’ કંપની સામે રાજ્ય સરકાર તાત્કાલિક તપાસ કરાવીને કડકમાં કડક પગલાં ભરે તેવી માંગ ઊઠી છે.